# ગુરુની બિલાડી

## ગુરુમાઈ ચિદ્વિલાસાનંદ દ્વારા કથિત એક વાર્તા

એકવારની વાત છે, નેપાળના કાઠમંડુ શહેરમાં એક આશ્રમ હતો જ્યાં એક ગુરુ તેમના ઘણા શિષ્યો સાથે રહેતા હતા. આ આશ્રમમાં એક બિલાડી પણ રહેતી હતી. તે બહુ જ વિલક્ષણ બિલાડી હતી, ખૂબ જ માયાળુ અને બીજાંઓને ખુશ કરવા માટે તત્પર. તે બિલાડીને સારી રીતે ભોજન આપવામાં આવતું અને આશ્રમમાં બધાં તેને ખૂબ જ પ્રેમ પણ કરતાં હતાં.

બસ એક સમસ્યા હતી : તે બિલાડી આશ્રમનાં દૈનિક કાર્યક્રમમાં ભાગ લેવા માગતી હતી. અને બિલાડીના કાર્યક્રમમાં ભાગ લેવાથી ગુરુ અને શિષ્યોના નામસંકીર્તન અને ધ્યાનમાં વિક્ષેપ પડવા લાગ્યો. એવું શા માટે? જ્યારે ગુરુ અને શિષ્યો નામસંકીર્તન કરતા ત્યારે તે બિલાડી મોટેથી અવાજ કરતી. જ્યારે તેઓ ધ્યાન કરતા ત્યારે તે બિલાડી ખૂબ જોરથી નસકોરાં બોલાવતી.

તેથી ગુરુએ આદેશ આપ્યો કે દરરોજ નામસંકીર્તન અને ધ્યાન દરમ્યાન એ બિલાડીને બીજા રૂમમાં એક થાંભલા સાથે બાંધી દેવી. શિષ્યોએ ગુરુની આજ્ઞાનું પાલન કર્યું અને દૈનિક કાર્યક્રમોનું અનુશાસન યથાવત થઈ ગયું. હવે બિલાડીને લીધે કોઈ વિક્ષેપ નહોતો અને નામસંકીર્તન અને ધ્યાન પર બધાંનું કેન્દ્રણ ફરીથી મજબૂત થઈ ગયું.

થોડાં વર્ષો પસાર થઈ ગયાં અને એક શુભ દિવસે ગુરુએ શાંતિપૂર્વક પોતાના દેહનો ત્યાગ કર્યો. નામસંકીર્તન અને ધ્યાન દરમ્યાન શિષ્યોએ દરરોજ બિલાડીને થાંભલા સાથે બાંધવાનું ચાલુ રાખ્યું.

એક દિવસ તે વહાલી બિલાડી મૃત્યુ પામી. શિષ્યોએ મીટિંગનું આયોજન કર્યુ અને તેમાં ચર્ચા કરી કે ગુરુની શિખામણનું સંરક્ષણ કરવું કેટલું મહત્ત્વનું છે. દઢ નિશ્ચય સાથે તેઓ બજારમાં ગયા અને બીજી બિલાડી ખરીદી લાવ્યા જેથી નામસંકીર્તન અને ધ્યાન દરમ્યાન તેઓ તેને થાંભલા સાથે બાંધી શકે અને આ રીતે ગુરુની શિખામણનું નિષ્ઠાપૂર્વક સન્માન કરી શકે.


સંકલ્પના અને ડિઝાઇન : ગુરુમાઈ ચિદ્વિલાસાનંદ

રૂપરેખા : લીઓ લેગોર્રેટા

ચિત્ર : ધોનિસ્યો સબાય્યોસ

© ૨૦૧૭ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.

પૂર્વ લિખિત પરવાનગી વગર આ વિષય વસ્તુના કોઈપણ ભાગને પુનઃ પ્રસ્તુત કરી શકાશે નહીં.